વાવોલમાં સરપંચની ચૂંટણી માટે ત્રિકોણીય જંગ

ગાંધીનગરના પાદરે આવેલા વાવોલ ગામે ગ્રામ પંચાયતની ચુંટણીનો માહોલ સર્જાયો છે. રવિવારે જયારે ચુંટણી પ્રચારનો અંતિમ દિવસ હતો ત્યારે ઉમેદવારએ મતદારોને રીઝવવા એડીચોટીનું જોર લગાવી દીધું છે. મોટા ભાગના ઉમેદવારો તો ડોર ટુ ડોર પ્રચાર કાર્ય પર સૌથી વધુ મદાર હોવાનું માની સતત મુલાકાતો લેવાનું ચાલુ રાખી શકય હોય તેટલા વધુ મતદારોને રૂબરૂ-મળી મત માંગવાનું મુનાસીબ સમજી રહ્યાં છે.

વાવોલમાં આ વખતે સરપંચ માટે અનામત બેઠક છે. આ માટે ત્રણ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં સ્ટ્રીટ લાઈટ, ગટર લાઈન, રોડ રસ્તા, નર્મદાનું પાણી જેવા મુદ્દાઓ છવાયેલા જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત સ્વચ્છતા અને ઘરે ઘરે શૌચાલયના નિર્માણનો મુદ્દો પણ ગ્રામ સેવકની ચુંટણી લડી રહેલા ઉમેદવારો તેમના વિસ્તારના સ્થાનિક પ્રશ્નોને વાચા આપવાનું વચન આપી રહ્યા છે જયારે સરપંચ માટેના ઉમેદવારોએ તો પેમ્ફલેટસ, પત્રિકાઓ વગેરે છપાવી વાયદાઓની લંગાર લગાવી છે. આ વખતે ઉમેદવારોમાં પરંપરાગત પ્રચાર પધ્ધતિઓ ઓટો રીક્ષા અને બેનર્સ પોસ્ટર્સ ઉપરાંત સોશિયલ મિડીયા થકી હાઈ-ટેક પ્રચારનો આશરો પણ લેવાતો દેખાઈ રહ્યો છે.

વાવોલમાં સૌથી મહત્વની સમસ્યા ગટર લાઈન જે હયાત છે તેને કાર્યરત કરવાની છે. આ સાથે વાવોલની નવી પેઢીને સારું શિક્ષણ મળે તે માટે શિક્ષણનું સ્તર ઉચું લાવવું ખૂબ જરુરી હું માનું છું. જો સરપંચ તરીકે હું પસંદગી પામીશ તો વાવોલને એલઈડી લાઈટ તથા સોલાર સીસ્ટમથી સજજ કરી તળાવ અને બગીચાના વિકાસ સાથે હરિયાળુ બનાવવાની મારી નેમ છે.

- રણજીતભાઈ ડી. નાડીયા

સ્ટ્રીટ લાઈટ અને ગટર વ્યવસ્થા એ ગામના મુખ્ય પ્રશ્નો છે. મારે ગામમાં નર્મદાનું પાણી પણ ગ્રામજનોને પુરું પાડવું છે. આ સાથે ગામની દરેક નાની મોટી સમસ્યાને હું અંગત રીતે રસ લઈ ઉકેલવા કટિબધ્ધ છું. ગામનો વિકાસ એ એક માત્ર મારું લક્ષ્યાંક રહેશે.

- નગીનભાઈ જે. નાડીયા

ગામમાં મધ્યમવર્ગીય તથા ગરીબ પરિવારોને આર્થિક રીતે લાભ થાય તે રીતે ગામનો વિકાસ કરવો છે. ગટરલાઈન, પાણી, સ્ટ્રીટલાઈટ સાથે જાહેર શૌચાલયોનું પણ નિર્માણ કરી સ્વચ્છ વાવોલ બનાવવું છે. આ સાથે ભણતા ગરીબ વિદ્યાર્થીને પુસ્તકો વગેરેની સુવિધા ઉપલબ્ધ કરાવવી છે.

- ખુશાલભાઈ સી. ડાભી

કુડાસણ અને રાંદેસણ ગામના સરપંચ સોસાયટીના રહિશો નક્કી કરશે

કુડાસણમાં અંબાલાલ અને રાંદેસણમાં અજીતસિંહ તરફ મતદારોનો ઝોક

ગાંધીનગર, તા.૨૫

શિયાળાની કડકડતી ઠંડીમાં પણ રાજકીય ગરમાવો જામ્યો છે. ગાંધીનગર શહેર ને અડીને આવેલા રાંદેસણ અને કુડાસણમાં સરપંચ પદ માટે ઉમેદવારો રાત-દિવસ ઉજાગરા કરીને મતદારોને રીજવવા પ્રયાસ કરી રહ્યા છે. મંગળવારે મતદાન હોવાથી આજ સાંજથી ચુંટણીના પ્રચાર પડઘમ શાંત થઈ ગયા છે. આજે રાંદેસણ અને કુડાસણ ગામની શેરીઓમાં તેમજ સોસાયટીઓમાં અજીતસિંહ ગોહિલે અને અંબાલાલ, રણછોડભાઈએ રોડ શો યોજીને મતદારો સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. આ બંન્ને ગામમાં સરપંચ પદના ઉમેદવારો વચ્ચે કશમકશનો જંગ જામશે. પરંતુ ગામના સરપંચ સોસાયટીના રહીશો નક્કી કરશે. જેથી સરપંચ પદના ઉમેદવારોએ ગામ કરતા સોસાયટીઓ તરફ વધુ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. કુડાસણમાં મતદારોનો ઝોક યુવા અને ઉત્સાહી તેમજ ગામના વિકાસના વેગને વધુ વેગવાન બનાવે તેવા આગેવાન અંબાલાલ સરપંચ પદની રેસમાં સૌથી આગળ માનવામાં આવે છે. પરંતુ રણછોડભાઈ પટેલ પણ નિવૃત તલાટી અને ગામ અને સોસાયટીઓમાં સારી નામના ધરાવે છે. અત્યારે હાલના સમયે તો બંન્ને ઉમેદવારો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. કુડાસણ ગામનું કુલ વોટીંગ ૪૧૭૦ છે જેમાં ૨૮૬૯ ગામનું તેમજ બાકીનું સોસાયટીમાં રહેતા વસાહતીઓનું છે.કુડાસણમાં ચાર ઉમેદવારો સરપંચપદની રેસમાં છે. તેવી જ સ્થિતિ રાંદેસણ ગામની છે જેમાં ગામ અને સોસાયટીના રહિશો સરખા હોવાથી મતદારોને રીઝવવા સોસાયટી સુધી ગામના સરપંચ પદના ઉમેદવારોને જવું પડે છે. ગામમાં સરપંચ પદની રેસમાં સૌથી આગળ અજીતસિંહ છે. જો કે પોપટસિંહ પણ ગ્રામજનોમાં તેમજ સોસાયટીઓમાં સારુ એવું વર્ચસ્વ ધરાવે છે. ટુંકમાં બંન્ને ગામમાં સરપંચ પદ માટે મતદારોની એકસરખી પરિસ્થિતિને પગલે સોસાયટીના રહીશો ગામના સરપંચ નક્કી કરશે. અત્યારે હાલ ચુંટણીને લઈ ગામડાઓમાં રાત્રી બેઠકો યોજાય છે. જેમાં ચૌરે અને ચૌટે ચવાણું ચવાય છે. અને ગામના સરપંચ કોણ બનશે તેની રાજકીય ચર્ચાઓમાં ઠંડીના સુસવાટા મારતા પવન પણ ગ્રામજનોને અસર કરતા નથી.પરંતુ સરપંચપદના ઉમેદવારોને ચોકકસ ઠંડી અસર કરતી હશે.

સરહદના સૂર... : શહેરની જાણીતી કલા સંસ્થા કલાગુર્જરી દ્વારા કચ્છના કલાકારો દ્વારા તૈયાર કરાયેલ સરહદના સૂર કાર્યક્રમમાં ભારે જમાવટ કરી હતી. કચ્છની ધીંગીધરાના ગાયકો અને વાદકોની સૂરીલી રજૂઆત માણવા ભાવકો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

માતા-પિતાને રમતમાં જીતાડવા બાળકોએ 'ચીઅરઅપ' કર્યું

સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલમાં વાલીઓ માટે રમતોત્સવનું આયોજન કરાયું : ૭૦૦થી વધુ વાલીઓ વિવિધ મનોરંજક રમતો રમ્યા

ગાંધીનગર, તા.૨૫

પોતાના બાળકને રમત રમતા જોવા એ તો દરેક મા બાપને ગમે પરંતુ જયારે બાળક પોતાના માતા પિતાને મેદાનમાં રમતા અને ઈનામ જીતતા જુએ ત્યારે દૃશ્ય કંઈક ઓર જ સર્જાય છે. આવા જ અત્યંત હર્ષોલ્લાસ ભર્યા દૃશ્યો ગાંધીનગરના કુડાસણમાં આવેલ સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે રવિવારે જોવા મળ્યા હતા. જયાં ખાસ વાલીઓ માટે રમતોત્સવનું આયોજન કરાયું હતું. આ રમતોત્સવમાં ૭૦૦થી વધુ વાલીઓએ ભાગ લીધો હતો.

રસ્સા ખેંચ, કાંગારૂ દોડ, લોટ ફૂંક, ચોકલેટ શોધ, લીંબુ ચમચી, ગોળા ફેંક, કોથળા દોડ, ગોળા ફેંક, બેલેન્સીંગ બુક, બેકરેસ, વોલીબોલ તથા ૧૦૦ મીટર અને ૨૦૦ મીટર દોડ જેવી રસપ્રદ રમતો વાલીઓ ખૂબ જ મસ્તીથી અને આનંદથી રમ્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે પેરાઓલ્મ્પિકમાં સિલ્વર અને ડિસ્કસ થ્રોમાં શોટપુટમાં બ્રોન્ઝ મેડાલિસ્ટ એવા દિવ્યાંગ રમતવીર ભાવના પટેલે ઉપસ્થિત રહી વાલીઓનો જુસ્સો વધાર્યો હતો. કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી શૈલેષભાઈ ઠક્કર, સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલના અંગ્રેજી માધ્યમના આચાર્યા અર્પણા શેઠ, ગુજરાતી માધ્યમના આચાર્ય નિર્મલ પટેલ તથા એકિટવીટી કો ઓર્ડીનેટર હરજેન્દરસીંઘ ગીલ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર રમતોત્સવ દરમિયાન બાળકોએ પોતાના માતા પિતાને હર્ષની ચિચિયારીઓથી વધાવી પ્રોત્સાહિત કર્યા હતા.

મનપામાં ઓનલાઈન પેમેન્ટ હવે કરી શકાશે

ગાંધીનગર, તા.૨૫

આજરોજ ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે દેશના પૂર્વ વડાપ્રધાન અને ભારતરત્ન માનનીય અટલ બિહારી બાજપેયીનાં જન્મદિનને સુશાસન દિન તરીકે ઉજવતા માન. મેયરનાં અધ્યક્ષસ્થાને ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારનાં મિલકતવેરા અને વ્યવસાયવેરાનાં ઓનલાઈન પેમેન્ટ (ડીઝીટલ પેમેન્ટ)નાં ઉદઘાટન અંગેનો કાર્યક્રમ સંપન્ન થયો.

આ કાર્યક્રમની માન. મેયરશ્રીના હસ્તે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારનાં મિલકતવેરા અને વ્યવસાયવેરાનાં કરદાતાઓ ઓનલાઈન પેમેન્ટ અંગેની પ્રક્રિયા ખુલ્લી મુકવામાં આવી હતી. તેમણે ગાંધીનગરનાં નાગરિકોને ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શરુ કરવામાં આવેલ મિલકતવેરાનાં ઓનલાઈન પેમેન્ટને બહોળો પ્રતિસાદ આપી દેશને કેશલેસથી ડીઝીટલ પેમેન્ટ તરફ લઈ જવા અપીલ કરી હતી.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય અશોકભાઈ પટેલ ઉપસ્થિત રહી જણાવેલ કે, મિલકતવેરાના ગાંધીનગર મહાનગરપાલિકામાં શરુ કરવામાં આવેલ ઓનલાઈન પેમેન્ટથી નાગરિકોને ઘરે બેઠા પેમેન્ટની સુવિધા મળી રહેશે. તેમજ સીનીયર સિટીઝનને ફાયદો થશે. આ માટે તેમણે કોર્પોરેશન અભિનંદન પણ પાઠવેલ.

આ કાર્યક્રમનાં અધ્યક્ષ પ્રવિણભાઈ પટેલ સુશાસન દિવસે સુશાસન દિનની ઉજવણી નિમિત્તે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ઓનલાઈન પેમેન્ટની કામગીરીને બિરદાવી હતી તેમજ નાગરિકોને લાભ લેવા અપીલ કરી હતી.

જેમાં સેકટર-૧૩/બી નાં ગોવિંદભાઈ માધાભાઈ સોલંકીએ કાર્યક્રમનાં સ્થળે રૂ.૯૫૮૩/-નો ઓનલાઈન મિલકતવેરો ભરી ઓનલાઈન પેમેન્ટનો શુભારંભ કરેલ.

આ કાર્યક્રમમાં શહેરી વિકાસનાં એડીશનલ ચીફ સેક્રેટરી પુનમચંદ પરમાર ઉપસ્થિત રહેલા

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સાહેબ... આખરે પકડી પાડ્યો... આ માણસ કહે છે... તેની કોઈ આવક જ નથી... અને આટલા બધા રમકડાં આખા દેશનાં બાળકોને ભેટ આપવા માંગે છે... નક્કી આ બે નંબરવાળો લાગે છે...

ઉપવાસી એસ.પી.જી.ના આગેવાનોના પારણા

ગાંધીનગર, તા.૨૫

માંડવી રેપ વીથ મર્ડર પ્રકરણમાં ન્યાયીક અને ઝડપી તપાસ માટે ગાંધીનગર પી.ડી.પી.યુ. રોડ પર એસ.પી.જી.ના આગેવાનો ઉપવાસ આંદોલન કરી રહ્યા હતા. આજે ધારાસભ્ય મનસુખ માંડવીયાએ તટસ્થ અને ઝડપી તપાસ થશે અને ઉપરી અધિકારીને તપાસ સોંપાશે તેવી ખાતરી આપતા ગૌરાંગ પટેલ અને પુર્વીન પટેલે ઉપવાસ આંદોલન સમેટયું હતું.

૧૦૪ લાખ કરોડનું રોકાણ જો હકીકતમાં થાય તો રાજ્યમાં કોઈ 'જોબલેસ' ન રહે

ગુજરાતની સાત વાયબ્રન્ટ સમિટમાં કુલ ૫૧૪૩૪ એમઓયુમાં કુલ ૧૦૪.૫૫ લાખ કરોડ રૂપિયાનું ઈન્વેસ્ટમેન્ટ કરવાના વાયદા થયા હતા અને આ કંપનીઓ રાજ્યમાં કુલ ૧૦૭.૭૦ લાખ લોકોને રોજગારી આપવાની હતી, પરંતુ સરકારી દસ્તાવેજ પ્રમાણે ૨૦૦૩ થી ૨૦૧૬ દરમ્યાન ૨૪૩૧૨ પ્રોજેક્ટ પૂર્ણ થયા છે અને ૭૩૬૫ અંડર પ્રોસેસમાં છે. સરકારનો દાવો છે કે આટલા વર્ષોમાં ૧૩.૩૦ લાખ રોજગારીનું સર્જન કરવામાં આવ્યું છે. સચિવાલયના ગેસ કેડરના એક અધિકારીએ આ આંકડાની પુષ્ટી કરતાં કહ્યું હતું કે 'ચલો, જે થયું તે સારૂં છે પરંતુ ઉદ્યોગ વિભાગના સંગલ્ન ઓફિસરો એમઓયુ કરનારી કંપનીઓનું નિયમિત અપડેટ રાખે તો ગુજરાતમાં કોઈ યુવાન બેકાર રહે નહીં. કોઈ સેલ્સમેન તેની પ્રોડક્ટ્સ વેચવા માટે જે લાલચ આપે છે તે રીતે ઉદ્યોગના અધિકારીઓને તાલીમ આપવી જોઈએ, કે જેથી એમઓયુ કરનારી કંપની ગુજરાતમાંથી ખસી ન શકે, બાકી તો આવા કાગળ અને આવું કાગળ પરનું મૂડીરોકાણ સમય અને સંપત્તિનો બગાડ છે. ઉદ્યોગજૂથોની વેદનાને સમજીને ઓફિસરોએ તેમને કો-ઓપરેટ કરવા જોઈએ.'...

● ACBએ પાંચ કરોડની લાંચ પકડી છે...

ગુજરાતનું સૌથી મોટું દૂષણ લાંચરૂશ્વત છે. દેશમાં જો નરેન્દ્ર મોદી નોટબંધી કરાવી શકતા હોય તો ગુજરાતના ચીફ મિનિસ્ટર લાંચબંધી કરાવી શકે તેમ છે. આખું સચિવાલય જાણે છે કે ક્યા વિભાગમાં ક્યા કામ માટે કેટલા રૂપિયા લેવાય છે. સરકારના આંકડા સ્વયંસ્પષ્ટ છે કે ૨૦૦૫ થી ૨૦૧૬ દરમ્યાન લાંચના ૨૬૦૦ કેસ સામે આવ્યા છે જેમાં સરકારી અને ખાનગી મળીને કુલ ૩૪૫૦ લોકો એન્ટી કરપ્શનના કબજામાં આવી ચૂક્યાં છે. આ તમામ કેસોમાં લાંચની રકમનો આંકડો પાંચ કરોડ સુધી પહોંચી ગયો છે. સાતમું પગારપંચ મેળવતા લાંચિયા કર્મચારીઓ માટે આકરી સજાની જોગવાઈ નહીં હોવાના કારણે લાંચ લેવાના કિસ્સા વધતા જાય છે. એન્ટી કરપ્શનના કાયદાને બદલીને તેમાં દારૂબંધીમાં કરી છે તેવી કડક સજાની જોગવાઈ કરવીની આવશ્યકતા છે. એક પ્રામાણિક ઓફિસરે કહ્યું હતું કે "સરકારી કર્મચારી લાંચ લેતાં પકડાય તો તેની સરકારી નોકરીમાં પૂર્ણવિરામ મૂકી તેના બાકી નિકળતા રૂપિયા સરકારી તિજોરીમાં જમા કરી દેવા જોઈએ. જો આમ થશે તો લાંચનું દૂષણ નિયંત્રણમાં લાવી શકાશે."

PMની નોટબંધી સામે CMની લાંચબંધી હોય તો કરપ્શન નિયંત્રિત

● હવે તો એટીએમની લાઇનની આદત પડી છે...

નોટબંધીના ૪૫ દિવસ પછી એટીએમમાં લાઈનમાં ઉભા રહેવાની લોકોને આદત પડી ગઈ છે. રોજ સવાર પડ્યે લાઈનમાં ઉભા રહેવાનું, બપોરે પણ લાઈનમાં અને મોડી સાંજે પણ લાઈનમાં ઉભા રહીને ભારતની ઈકોનોમીની ચર્ચા કરવાની હોય છે. પહેલાં પાનના ગલ્લે ગપસપ ચાલતી હતી હવે બેન્કની લાઈનમાં ચાલે છે. બેન્કોના પાછળા બારણેથી નોટોના બંડલો સીધા માલેતુજારોના હાથમાં જતા રહે છે એટલે એટીએમની લાઈન હજી બે મહિના સુધી જોવા મળે તો નવાઈ પામવા જેવું નથી. ફેરિયાઓને નવી જગ્યાના જલસા પડી ગયા છે. ચનાચોર, ખારીસિંગ કે નાસ્તાના પડીકા લાઈનમાં ઉભા ઉભા મળી રહે છે. એટીએમમાં લાઈન નહીં હોય ત્યારે લોકો કહેશે કે- ભાઈ, જરા લાઈન થવા દો, પછી રૂપિયા ઉપાડીએ, કેમ કે એકલા એકલા રૂપિયા ઉપાડવાની મજા નથી આવતી...!!

આદત સે મજબૂરઃ ભાઈ, જરા લાઈન થવા દો, પછી રૂપિયા ઉપાડીએ

● બ્લેકમની ના હોય તેની ચાદી જોઇએ...

સચિવાલયના એક સિનિયર ઓફિસરે કહ્યું હતું કે બેનામી પ્રોપર્ટી અને બ્લેકમની કોની પાસે નથી તેની યાદી બનાવીને તેમને એવોર્ડ જાહેર કરવા જોઈએ તો જો સાચી કદર થઈ કહેવાશે. પ્રામાણિક કરદાતાઓને કેન્દ્ર સરકારે અને ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટે સ્પેશ્યલ સ્ટેટસ આપવું જોઈએ કેમ કે ગંદકીના દરિયામાં પણ તેઓ ચોખ્ખા રહી શક્યા છે. ખાઈ બદેલા રાજકીય નેતાઓ, ભ્રષ્ટ ઓફિસરો કે ટેક્સચોર જે હોય તે તો આપોઆપ જાહેર થઈ જતા હોય છે પરંતુ પ્રામાણિકતા સામે આવતી નથી. તે હંમેશા છૂપી રહે છે. સરકારે કોઇ એવી સ્કીમ કરવી જોઈએ કે જેથી પ્રામાણિકતા બધા લોકોમાં છલકાઈ ઉઠે...

● મોદી અનિલ કપુર છે કે રજનીકાન્ત...

ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં બે ફિલ્મો એવી આવી હતી કે જેને જોઈને એવું લાગે છે કે મોદી આ ફિલ્મોનું અનુકરણ કરી રહ્યાં છે. "શિવાજી"- એક ફિલ્મ હતી રજનીકાન્તની કે જેમાં ભ્રષ્ટાચાર અને બ્લેકમની સામે રજનીકાન્ત અવાજ ઉઠાવે છે. માલેતુજારના બ્લેકમની બહાર લાવીને લોકકલ્યાણના કામો કરે છે. બીજી ફિલ્મ "નાયક" એ અનિલ કપુર અભિનિત હતી જેમાં તે એક દિવસનો ચીફ મિનિસ્ટર બનીને કરપ્શન અને ગેરકાનૂની કૃત્યો સામે અવાજ ઉઠાવે છે. લોકો તેને કાયમી ચીફ મિનિસ્ટર બનવાની તક આપે છે અને ભ્રષ્ટ રાજનેતાઓ સામે તેને વિજયી બનાવે છે. મોદીએ આ ફિલ્મોમાંથી પ્રેરણા લીધી હોય તેવું લાગી રહ્યું છે. દેશના હાલના માહોલમાં લોકો ભય સાથેની પ્રિત અનુભવી રહ્યાં હોય તેવું લાગે છે.

● કૃષિ રોકાણ પાંચ વર્ષના તળીયે છે...

કેન્દ્ર અને રાજ્ય સરકારો કૃષિ વિકાસની વાતો કરે છે પરંતુ પાંચ વર્ષના સમયમાં આ સેક્ટરમાં મૂડીરોકાણ તળીયે પહોંચ્યું છે. ખાનગી નાણાંકીય રિસર્ચ કરતી એક સંસ્થા ન્યૂઝ કોર્પ વીસીસીએડ્ઝ કહે છે કે કૃષિમાં ચાલુ વર્ષમાં પ્રાઈવેટ ઈક્વિટી ફંડ મારફતે રોકાણમાં ગત વર્ષની તુલનાએ ૭૮ ટકાનો ઘટાડો થયો છે. દેશમાં ચાલુ વર્ષ દરમિયાન અત્યાર સુધીમાં કુલ ૬૨ પ્રાઈવેટ ઈક્વિટી ડીલ થઈ છે અને તેના મારફતે ૨૫ કરોડ ડોલરનું રોકાણ થયું છે, જે છેલ્લા પાંચ વર્ષનું સૌથી નીચું રોકાણ છે. અગાઉનાં વર્ષ દરમિયાન ૧૫૩ ડીલ થઈ હતી અને તેના મારફતે ૧૧૫.૪૦ કરોડ ડોલરનું રોકાણ થયું હતું. આ સ્થિતિ દર્શાવે છે કે સરકારના ચોપડે આંકડા અલગ છે અને હકીકતના આંકડા જૂદા છે.

● હવે વારસાઇ ટેક્સ આવી શકે છે...

નોટબંધી બાદ બેનામી સંપત્તિ સામે બુલડોઝર ફરી શકે છે અને ઈનહેરીટેન્સ ટેક્સ એટલે કે વારસાઈ વેરો આવી રહ્યો છે. મોદી સરકારના એક પછી એક પગલાં લોકોને બેચેન બનાવી શકે છે. ભારતમાં કોઈપણ વ્યક્તિ દ્વારા વરસમાં મળેલી જંગમ કે અન્ય મિલકતો ઉપર ૧૯૫૩ થી ૧૯૮૫ સુધી વારસાઈ વેરો લેવામાં આવતો હતો પરંતુ રાજીવ ગાંધીના શાસનમાં આ વેરો નાબુદ કરવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકાર ફેબ્રુઆરી ૨૦૧૭માં બજેટ રજુ કરવા માટે તૈયારી કરી રહી છે ત્યારે આ પ્રકારના ટેક્સ અંગે વિચારણા ચાલી રહી છે. કેન્દ્ર સરકાર ૨૦ ટકા એસ્ટેટ ટેક્સ લાદવાનું વિચારી રહી છે. આ મુજબ કોઈ વ્યક્તિને એક કરોડની મિલકત વરસામાં મળે તો સરકારને ૨૦ લાખ રૂપિયા કર તરીકે આપવાના રહેશે.

મોદીને "શિવાજી" કહીશું કે "નાયક" પોલિટીક્સ ફિલ્મસ્ટારની અસરમાં

● શાદી કરીયો પર સિમ્પલ હોની ચાહિયે...

હવે પછીની શાદીના ખર્ચા પર ઈન્કમટેક્સની બાજ નજર રહેશે. ક્યા પરિવારે તેના પુત્ર કે પુત્રીના લગ્ન પાછળ કેટલો ખર્ચ કર્યો તેની જાણ પળભરમાં જ થઈ શકે છે. સચિવાલયના એક કર્મચારીએ કહ્યું હતું કે સરકાર સમૂહ લગ્નોને પ્રોત્સાહન આપવાનું વિચારી રહી હોવાનું જણાઈ આવે છે. કેમ કે વ્યક્તિગત લગ્નના ભપકા ભારે પડી શકે છે. શાદી કરો પણ સાદાઈ હશે તો કોઈ કશું બગાડી નહીં શકે, અગર જો ૧૦ લાખથી વધુનો ખર્ચ થયો તો તમારૂ આવી બન્યું.. શાદી થઈ જશે પરંતુ તે પછીની પળોજણ સહન કરી શકાય તેવી નહીં હોય તે નક્કી છે. સમાજમાં ઠાકોર અને પાટીદારોએ તો વર્ષોથી સમૂહ લગ્નને પ્રાધાન્ય આપ્યું છે. સરકાર આવા સમૂહ લગ્નમાં મોટો ચાંલ્લો કરે તો નવાઈ પામવા જેવું નથી...

● ગુજરાતમાં ફ્યુઅલ પરનો વેટ ઘટે તેવી આશા...

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આવતી હોવાથી પેટ્રોલ અને આભાર - નિહારીકા રવિયા ડિઝલમાં સરકારે લાદેલા વેટના ભારણને ઓછું કરવાનો નિર્ણય લેવાય તેવી સંભાવના છે, કારણ કે ગોવાની ભાજપની સરકારે તાજેતરમાં જ વેટના દરમાં ૬ ટકાનો ઘટાડો કર્યો છે. ગોવામાં હવે પેટ્રોલ પર માત્ર ૯ ટકા વેટ છે. ગોવાના ચીફ મિનિસ્ટર લક્ષ્મીકાંતે ૨૦૧૨માં પ્રજાને વચન આપ્યું હતું કે ગોવામાં લોકોને ૬૦ રૂપિયામાં પેટ્રોલ મળશે, જો ભાવ વધશે તો અમે ટેક્સ ઘટાડીને નિયંત્રિત કરીશું. તેમણે તેમનું વચન પાળ્યું છે પરંતુ ગુજરાત સરકાર પાળી શકી નથી. નાણા વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે બજેટ સત્ર દરમ્યાન કે તે પૂર્વે અમે ફ્યુઅલ પરનો વેટ ઘડાડવા માગીએ છીએ. જો તેમ થાય તો ગુજરાતની સવા છ કરોડની જનતા માટે શોર્ટટર્મ રાહત મળી શકે છે, કારણ કે ચૂંટણી જીત્યા પછી સરકાર જનતાની સાથે હોતી નથી...

● ભાજપે વચનભંગ કર્યો, વાઇફાઇ ક્યાં છે!....

ગુજરાતમાં ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણી સમયે પાર્ટીએ વચન આપ્યું હતું કે અમે ગુજરાતને વાઈફાઈ કરી દઈશું, પરંતુ આજે નોટબંધીના સમયમાં વડાપ્રધાન જ્યારે કેશલેસ વહીવટની વાતો કરે છે ત્યારે ગુજરાતના માત્ર ૨૦ટકા વિસ્તારમાં જ વાઈફાઈ કનેક્ટિવિટી ઉપલબ્ધ છે. ભાજપ તેનો ચૂંટણી ઢંઢેરો ભૂલ્યું છે. શાસનને ચાર વર્ષ થવા છતાં ગુજરાતને ડિઝીટલ બનાવી શકાયું નથી.